## 1. ગ્રામીણ માનવ વસાહત પ્રણાલી વિશે સવિસ્તર ઉત્તર લખો. (July 18)

- માનવીઓનાં રહેઠાણોના સંગઠિત નિવાસને ‘વસાહત’ કહેવામાં આવે છે. ભૂગોળવિદ્ ગ્રિફિથ ટેઈલરે માનવ વસાહતોની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, ‘રહેઠાણોનો વિશાળ સમૂહ એટલે વસાહત’, વાસાહતોનો અભ્યાસ તેઓનાં સ્થાન, સ્થિતિ, આકાર, મકાનોનાં સ્વરૂપો. કાર્યો, આંતરિક રચના, બહારની સંલગ્નતા તેમજ રાષ્ટ્રીય તથા પ્રાદેશિક અર્થવ્યવસ્થામાં તેમની ભૂમિકાના સંદર્ભમાં કરવામાં આવે છે.
- સામૂહિક વસાહતોના બે વિભાગ છે : (1) ગ્રામીણ વસાહતો અને (2) શહેરી વસાહતો. ગ્રામીણ વસાહતો : ગ્રામીણ વસાહતોનાં કદ નાનાં હોય છે અને તેમની જનસંખ્યા અપેક્ષાત ઓછી હોય છે. અહી વસતા લોકો ખેતી, ખનન, મત્સ્ય, વનિલ પ્રવૃત્તિ જેવી પ્રાથમિક પ્રવૃત્તિઓ ઉપર આધાર રાખતા હોય છે. વિકાસ પ્રણાલીને આધારે ગ્રામીણ વસાહતોના નીચે પ્રમાણે પેટાપ્રકારો પાડવામાં આવે છે :

  1. લંબચોરસ વસાહત પ્રણાલી ફળદ્રુપ મેદાની ક્ષેત્રોમાં આ પ્રકારની વસાહતો હોય છે.
  2. રૈખિક વસાહત પ્રણાલી : અહી વસાહતોની ગોઠવણી સડક, રેલમાર્ગ, નદી કે નહેરકાંઠાને સમાંતર હોય છે.
  3. ચક્રીય કે અર્ધચક્રીય (વૃત્તાકાર) વસાહત પ્રણાલી : તળાવ, સુષુપ્ત જ્વાળામુખી, પહાડોની ટોચ કે પશુઓના ચરાણ વિસ્તારોમાં આવી વસાહતો હોય છે.
  4. તારક આકારની વસાહત પ્રણાલી : જ્યાં ઘણા માર્ગો ભેગા થતા હોય તેવાં સ્થળોએ આવી વસાહતો હોય છે.
  5. ત્રિકોણીય વસાહત પ્રણાલી : નદીઓના સંગમસ્થાને આવી વસાહતો હોય છે,
  6. ઉપચક્રીય વસાહત પ્રણાલી : વળાંક લેતી નદીના કિનારે આવી વસાહતો હોય છે.
  7. નિહારિકા વસાહત પ્રણાલી : સામાન્ય રીતે મધ્યમાં ઊંચો નવીય વિસ્તાર હોય, તો તેની ફરતે આવી વસાહતો હોય છે.

## 2. શહેરી વસાહત એટલે શું? તેના કાર્યકારિતાના આધારે પ્રકાર જણાવો. (March 18)

- જ્યારે ઘણાં કટુંબો અને વધુ સંખ્યામાં માનવીઓ એકત્ર થઈને પોતાનાં રહેઠાણો પરસ્પર નજીક નજીક ઊભાં કરે છે અને તેમાં કાયમી વસવાટ કરવાની શરૂઆત કરે તેવી પરિસ્થિતિને સામૂહિક વસાહત કહેવામાં આવે છે.
- તેના બે વિભાગ છે : (1) ગ્રામીણ વસાહતો અને (2) શહેરી વસાહતો. શહેરી વસાહતો : શહેરી વસાહતોમાં વસતા લોકો પોતાની આજીવિકા દ્વિતીયક, તૃતીયક, ચતુર્થક કે પંચમ પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓમાંથી મેળવે છે. તેઓની જીવનશૈલી પણ ગ્રામ્ય વસાહત કરતાં ઘણી રીતે ભિન્ન હોય છે. અહી જનસંખ્યાનું પ્રમાણ તથા ગીચતા ગ્રામ્ય વસાહતની સરખામણીમાં વધુ હોય છે. રોજિંદા જીવનવ્યવહારમાં લોકો યંત્રો કે યાંત્રિક સાધનોનો ઉપયોગ વધુ માત્રામાં કરતા હોય છે.
- શહેરી વસાહતની કાર્યકારિતા : કાર્યકારિતા એટલે વસાહતની મુખ્ય પ્રવૃત્તિ. પ્રવૃત્તિનો અર્થ આર્થિક પ્રવૃત્તિ છે.
- કાર્યકારિતાને આધારે શહેરોનું વર્ગીકરણ નીચે મુજબ છે :

  1. વહીવટી કેન્દ્રો : કોલકાતા, લંડન, રોમ, ગાંધીનગર વગેરે.
  2. સંરક્ષણ કેન્દ્રો : ખડકવાસલા, દેહરાદૂન, જોધપુર, કોચી વગેરે.
  3. સાંસ્કૃતિક કેન્દ્રો : વારાણસી, મક્કા, વડોદરા, જયપુર, લખનઉ વગેરે.
  4. ઔદ્યોગિક કેન્દ્રો : જમશેદપુર, કાલગુલ, પિટ્સબર્ગ, દુર્ગાપુર વગેરે.
  5. વેપાર કેન્દ્રો : વિનિપેગ, બગદાદ, ડુસેલડોર્ફ વગેરે.

6. પરિવહન કેન્દ્રો : રોટરડેમ, મુંબઈ, એડન વગેરે. આ ઉપરાંત શહેરની કાર્યકારિતાને આધારે વિનિમય અને વિતરણ કેન્દ્ર, ઉત્પાદક કેન્દ્ર, પર્યટન કેન્દ્ર વગેરે પ્રકાર પાડવામાં આવે છે.

### 3. ''એક ગ્રામીણ વસાહત પર્યાવરણીય સ્થિતિ અને ભૌતિકસાંસ્કૃતિક અસરોને પ્રતિબિંબિત કરે છે.'' સમજાવો.

(1) ગ્રામીણ વસાહતોમાં રહેતા લોકો ખેતી, ખનન, મત્સ્ય, વનિલ પ્રવૃત્તિ જેવી પ્રાથમિક પ્રવૃત્તિઓ ઉપર આધાર રાખે છે.

(2) સમુદ્ર, નદી કે સરોવરની નજીક સ્થપાયેલી ગ્રામ્ય વસાહતોમાં મત્સ્ય પ્રવૃત્તિ નોંધપાત્ર મહત્ત્વ ધરાવે છે.

(3) વન્ય ક્ષેત્રોની નજીક વિકસેલી ગ્રામ્ય વસાહતોમાં વન્ય પેદાશોનું એકત્રીકરણ કરવાની પ્રવૃત્તિ મહત્ત્વની છે.

(4) ખનીજક્ષેત્રોની નજીક સ્થપાયેલી વસાહતો ખનનપ્રવૃત્તિ સાથે સંકળાયેલી હોય છે.

(5) કેટલીક ગ્રામ્ય વસાહતો પ્રાથમિક કક્ષાનાં ઉત્પાદનો સાથે સંકળાયેલી હોય છે. ક્યાંક ઓજારો બનાવવાની પ્રવૃત્તિ, યંત્રોની મરામત કરવાની પ્રવૃત્તિ, હાથવણાટનાં કપડાં બનાવવાં, પશુપાલન વગેરે આનુષંગિક પ્રવૃત્તિઓ જોવા મળે છે.

(6) વન્ય પ્રદેશોમાં હિંસક પશુઓથી તથા સંભવિત દુશ્મનોથી માનવસમૂહનું રક્ષણ કરવાના હેતુથી મધપુડા જેવા આકારની વસાહત બનાવવામાં આવે છે.

(7) પર્વતીય પ્રદેશ, રણ પ્રદેશો તથા ઉચ્ચ ભૂમિપ્રદેશોમાં છૂટીછવાઈ વસાહતો જોવા મળે છે. અહીં ઘરોની સંખ્યા ઓછી હોય છે. અહીં રહેતા લોકો કોઈ એક સાંસ્કૃતિક લક્ષણથી એકબીજા સાથે જોડાયેલા હોય છે. જ્યાં પ્રાકૃતિક મુશ્કેલીઓ હોય તેમજ આર્થિક પ્રવૃત્તિઓ કરવાનો અવકાશ ઓછો હોય તેવાં સ્થળોએ છુટીછવાઈ વસાહતો હોય છે.

(8) વિવિધ ભૌગોલિક પરિસ્થિતિઓમાં વિકસેલી ગ્રામીણ વસાહતો કેટલીક આગવી લાક્ષણિકતાઓ ધરાવે છે.

- જેમ કે –

(1) નદી કે નહેરકાંઠાને સમાંતરરૈખિક પ્રણાલી વસાહત હોય છે.

(2) પહાડની ટોચ કે પશુઓના ચરાણ વિસ્તારોમાં ચક્રીય વસાહત પ્રણાલી બને છે.

(3) નદીઓના સંગમસ્થાનો નજીક ત્રિકોણીય પ્રણાલીની વસાહતો વિકસે છે.

(4) વળાંક લેતી નદીના કિનારે ઉપચક્રીય પ્રણાલીની વસાહતો બને છે.

(5) મધ્યમાં ઊંચો પર્વતીય વિસ્તાર હોય, તો નિહારિકા પ્રણાલી ધરાવતી વસાહત બને છે. આમ, ગ્રામીણ વસાહતો પર્યાવરણીય સ્થિતિ અને ભૌતિક સ્થિતિ પ્રમાણે પ્રવૃત્તિઓ કરે છે. ગ્રામીણ વસાહતોની રચના (નિમણ) ભૌતિકસાંસ્કૃતિક પરિસ્થિતિને અનુસરે છે.

### 4. વસાહતના મુખ્ય બે પ્રકારો વિશે નોંધ લખો.

- રહેઠાણોનો વિશાળ સમૂહ એટલે વસાહત. અહીં રહેઠાણોની સંખ્યા નિશ્ચિત નથી, તે છૂટાંછવાયાં એક કે તેથી વધુ ઝૂંપડાં કે ઘરોની બનેલી હોય અથવા ઘણી વધુ સંખ્યામાં મોટા પાકાં મકાનોની બનેલી હોઈ શકે. વસાહતો બે પ્રકારની છે : 1. સામૂહિક અથવા કેન્દ્રીય વસાહત અને 2. છૂટીછવાઈ અથવા પ્રકીર્ણ વસાહત.
- 1. સામૂહિક અથવા કેન્દ્રીય વસાહત : જ્યારે એક કરતાં વધુ કુટુંબો અને વધુ સંખ્યામાં માનવીઓ ભેગા મળીને પોતાનાં નિવાસસ્થાનો શક્ય એટલાં નજીક નજીક ઊભાં કરે અને તે વસવાટ કાયમી બને તેવી વસાહતોને સામૂહિક વસાહત કહેવામાં આવે છે. સામૂહિક વસાહતના મુખ્ય બે વિભાગ પડે છે : (1) ગ્રામીણ વસાહત અને

(II) શહેરી વસાહત. (1) ગ્રામીણ વસાહત : અહીં લોકો પ્રાથમિક પ્રવૃત્તિઓ જેવી કે ખેતી, પશુપાલન, મત્સ્યાયન, વન્ય પેદાશો એકઠી કરવી વગેરે કરે છે. (II) શહેરી વસાહત : અહીં વસતા લોકો પોતાની આજીવિકા દ્વિતીય, તૃતીયક, ચતુર્થક તથા પંચમ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરી મેળવે છે. અહીં જનસંખ્યાનું પ્રમાણ તથા ગીચતા પણ ગ્રામ્ય વસાહતની સરખામણીમાં વધુ હોય છે.

- 2. છુટીછવાઈ અથવા પ્રકીર્ણ વસાહત : સામાન્ય રીતે પર્વતીય પ્રદેશો, રણપ્રદેશો તથા ઉચ્ચ ભૂમિના પ્રદેશોમાં આ પ્રકારની વસાહતો હોય છે. આ ખૂબ જ ઓછાં ઘરોવાળી વસાહત છે. અહીં પ્રાકૃતિ, મુશ્કેલીનો હોવાથી આર્થિક પ્રવૃત્તિ કરવામાં લોકો ખૂબ જ પછાત છે